ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# જિલ્લામાં ૧૦૦૩૭ વિકલાંગ વ્યક્તિઓ ૧૩૮૩૯ પરિવારો બી.પી.એલ. યાદીમાં

**વિકલાંગ વ્યક્તિઓમાં ૭૨૫૯ પુરૂષ અને ૨૭૭૮ મહીલા : ૮૨૧ પ્રજ્ઞાચક્ષુ**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં જુદા જુદા પ્રકારની વિકલાંગતા ધરાવતા ૧૦૦૩૭ વ્યક્તિઓ છે. આ પૈકી ૨૭૭૮ મહીલાઓ છે. માનસિક માંદગી ધરાવતા વ્યક્તિઓની સંખ્યા ૧૮ છે જ્યારે ૮૨૧ વ્યક્તિઓ પ્રજ્ઞાચક્ષુ છે. જિલ્લામાં બી.પી.એલ. પરિવારોની સંખ્યા ૧૩૮૩૯ છે.

રાજ્યમાં વિકલાંગ વ્યક્તિઓની સંખ્યા ૩૦૬૪૦૮ છે જેમાં ૨,૦૮,૫૫૨ યુવકો અને ૯૭,૮૫૬ મહીલાઓનો સમાવેશ થાય છે. સામાજિક ન્યાય અને અધિકારીખાતા મંત્રીએ અતારાંકિત પ્રશ્નોત્તરીમાં આપેલા ઉત્તરમાં જણાવાયા મુજબ ગાંધીનગર જિલ્લામાં પણ ૧૦૦૩૭ વ્યક્તિઓ જુદા જુદા પ્રકારની વિકલાંગતા ધરાવે છે. જેમાં બહેરામુંગા હોય તેવા ૫૨૯ છે. પ્રજ્ઞાચક્ષુઓની સંખ્યા ૮૨૧ છે. જ્યારે ૧૧૨૪ વ્યક્તિઓ મેન્ટલી ચેલેન્જ છે. આ ઉપરાંત ૧૮ માનસિક માંદગીમાં સપડાયેલા છે. જ્યારે ૭૫૪૫ વ્યક્તિઓ વિકલાંગતા ધરાવે છે. જિલ્લામાં વિકલાંગતા ધરાવતા કુલ ૧૦૦૩૭ પૈકી ૭૨૫૯ પુરૂષ અને ૨૭૭૮ મહીલાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં પી.પી.એલ. પરીવારની સંખ્યા ૧૩૮૩૯ છે.



**વિધાનસભામાં ગાંધીનગર**

**- ધનંજય જોષી**

**● અમદાવાદ-ગાંધીનગર મેટ્રો ટ્રેન પાછળ ૨ વર્ષમાં ૪૭૨.૨૯ કરોડનો ખર્ચ**

અમદાવાદ-ગાંધીનગર મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ અન્વયે છેલ્લા બે વર્ષમાં રૂ. ૪૭૨.૨૯ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. હાલ ઈસ્ટ વેસ્ટ અને નોર્થ સાઉથ કોરિડોરને અનુલક્ષી ડિટેઈલ ડિઝાઈન માટેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. વિરમગામના ડૉ. તેજશ્રીબેન પટેલના પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીના જણાવ્યા મુજબ અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન માટે વર્ષ ૨૦૧૩માં ૩૭૨.૫૫ કરોડ અને વર્ષ ૨૦૧૪માં ૯૯.૭૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટને કેન્દ્રીય કેબીનેટની મંજૂરી મળી છે. સ્ટેશનો ઉપરાંત ઈસ્ટ-વેસ્ટ કોરિડોર માટેની પ્રક્રીયા ચાલુ છે. આ પ્રોજેક્ટ અન્વયે રાજ્ય અને કેન્દ્ર સરકાર સરખા હીસ્સે ૧૯૯૦ કરોડનું મૂડીરોકાણ ઈક્વિટી સ્વરૂપે કરશે. કોઈ વિદેશી કંપની કે વિદેશી સરકાર પ્રોજેક્ટમાં મૂડી રોકાણ કરવાની નથી.

**● જિલ્લાના જનસેવા કેન્દ્રોમાં અરજી ફી પેટે રૂ. ૫૭૦૮૨૧૫ની વધુ આવક**

ગાંધીનગર જિલ્લાના જનસેવા કેન્દ્રો દ્વારા છેલ્લા બે વર્ષમાં જુદી જુદી અરજીઓ સંદર્ભે કુલ રૂ. ૫૭૦૮૨૧૫ ફી પેટે વસુલવામાં આવ્યા છે. કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં જણાવાયું હતું કે, જનસેવા કેન્દ્રોમાં બી.પી.એલ. લાભાર્થીઓને અરજી ફી મા માફી આપવામાં આવી નથી જ્યારે આ સેવાકેન્દ્રો પૈકી ગાંધીનગર જનસેવા કેન્દ્ર દ્વારા અરજી ફી પેટે રૂ. ૧૯,૩૪,૪૨૦, કલોલમાં રૂ. ૧૩,૨૫,૪૫૫, માણસામાં ૧૧,૬૨,૫૪૦ અને દહેગામ જનસેવા કેન્દ્ર દ્વારા રૂ. ૧૨,૮૫,૮૦ની ફી અન્વયે વસુલાત કરવામાં આવી છે.

**● બે વર્ષમાં બિનખેતી માટે ૧૧૬૨ અભિપ્રાય : ૫ પેન્ડીંગ**

ગાંધીનગર જિલ્લામાં બે વર્ષ દરમિયાન બિનખેતી હેતુ માટે જમીન તબદીલી કરવા મામલતદાર દ્વારા ૧૧૬૨ અભિપ્રાયો આપવામાં આવ્યા છે. જ્યારે ૫ કીસ્સામાં અભિપ્રાય આપવાનુ બાકી છે. જમીન તબદીલીના અભિપ્રાયો સંદર્ભે ગાંધીનગરમાં ૭૨૭, દહેગામમાં ૧૦૮, કલોલમાં ૩૧૫ તેમજ માણસા તાલુકામાં ૧૨ કીસ્સાઓનો સમાવેશ થાય છે. જ્યારે કલોલ તાલુકામાં ૫ અભિપ્રાય આપવાનું બાકી છે.

**● બે વર્ષમાં ૨૦૧૩ ખેડૂતોને જીપ્સમ સહાય**

જિલ્લામાં બે વર્ષમાં ૨૦૧૩ ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી છે. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં કૃષિમંત્રીએ જણાવ્યું હતું કે આ ખેડૂતોને સહાય પેટે રૂ. ૪૩,૪૭,૩૫૧ ચુકવવામાં આવ્યા છે.

**● પશુ સારવાર કેમ્પમાં ૧૮૬૬ ને સારવાર અપાઈ**

જિલ્લામાં ગત વર્ષ દરમિયાન ૪ પશુ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજીના પ્રશ્નના ઉત્તરમાં પશુપાલનમંત્રીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪માં પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર માટે ૪ કેમ્પ યોજવામાં આવ્યા હતા જ્યારે આ કેમ્પ દરમિયાન ૧૮૬૬ પશુઓને સારવાર આપવામાં આવી હતી.

**● જિલ્લા પોલીસનાં રહેણાંક મકાનો માટે રૂ. ૨૭૬.૮૨ લાખ ખર્ચાશે**

ગાંધીનગર જિલ્લામાં ૩૧ જાન્યુઆરી ૨૦૧૫ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં પોલીસ ખાતાનાં રહેણાંકના મકાનની સ્થિતિ અને આ કામગીરી માટેના ખર્ચ અંગે ગાંધીનગર ઉત્તર બેઠકના ધારાસભ્ય અશોકભાઈ પટેલના પ્રશ્ન અંગે ગૃહ વિભાગે આપેલા જવાબ મુજબ કુલ ૩૬ રહેણાંક મકાનો તૈયાર કરવામાં આવશે અને તે માટે કુલ રૂ. ૨૭૬.૮૨ લાખનો ખર્ચ કરવામાં આવનાર છે.

# ગુડા વિસ્તારમાં સર્વાંગી વિકાસના કામો હાથ ધરાશે : આશિષ દવે

**કલીન સીટીના કન્સેપ્ટને વેગ આપવા ઉપરાંત માળખાગત સુવિધાના કામો માટે નવનિયુક્ત ચેરમેનની પ્રતિબધ્ધતા**



ગાંધીનગર, તા.૩

ગુડા વિસ્તારમાં કલીન સીટીના કન્સેપ્ટને વેગ આપવા ઉપરાંત આમ નાગરિકો માટે માળખાગત સુવિધાના કામો હાથ ધરવા સાથે ગુડા વિસ્તારના સર્વાંગી વિકાસ માટે નવી કેડી કંડારવા નવ નિયુકત ચેરમેને પ્રતિબધ્ધતા વ્યકત કરી છે. ગુડાના ચેરમેન પદે આજે આશિષ દવેએ ચાર્જ સંભાળતા પૂર્વ ચેરમેન સહીત સ્થાનિક નેતાઓ અને કાર્યકરોએ તેમને શુભકામના પાઠવી હતી.

ગુડાના ચેરમેન પદે આજે બપોરે ૩.૧૫ કલાકે આશિષ દવેએ વિધિવત કાર્યભાર સંભાળી લીધો હતો. નવનિયુકત ચેરમેને ગુડા વિસ્તારમાં કલીનસીટીના કન્સેપ્ટને વેગ આપવાની વાત પર ભાર મૂકયો હતો. આ ઉપરાંત ગુડા વિસ્તારમાં માળખાગત અને સર્વાંગી વિકાસના

● અનુસંધાન પાન-૭ પર

**લોકરક્ષકોનો ફિકસપગારનો પ્રશ્ન વિધાનસભામાં ઉછળ્યો**

# જિલ્લામાં ૬૧ ટકા લોકરક્ષકો હજુ પણ ફિકસ પગારમાં...!

**સીસીસી પરીક્ષાનાં કારણોસર ગાંધીનગરનાં ૧૮૪માંથી ૧૧૨ જવાનોને ફિકસમાં નોકરી કરી રૂ. ૭૮૦૦માં પરિવારનું ગુજરાન ચલાવવું પડે છે**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાનાં લોકરક્ષકોની ભરતી બાદ પાંચ વર્ષ પ્રોબેશન સમય ફિકસ પગારમાં પૂર્ણ કર્યા બાદ નિયમિત પગારનો વારો આવ્યો ત્યારે સીસીસી પરીક્ષા માન્ય સંસ્થામાંથી પાસ કરવાનો હુકમ કરી આ જવાનોને ફિકસમાં જ રાખવામાં આવતા લોકરક્ષકોમાં અસંતોષની લાગણી પ્રવર્તી છે. આ મુદ્દો આજે વિધાનસભામાં ઉછળ્યો હતો. જિલ્લાનાં ૬૧ ટકા લોકરક્ષકો હજુ પણ ફિકસ પગારમાં પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે.

વિધાનસભામાં ધારાસભ્ય શકિતસિંહજી ગોહિલે ગૃહ વિભાગને પ્રશ્ન કરી ગાંધીનગર ડીએસપીના તાબા હેઠળનાં ફિકસ પગારના કર્મચારીઓ જે નિયમિત પગાર ધોરણ ન કરવા અંગેના જવાબ માંગ્યા હતાં. તેમણે પ્રશ્ન કર્યો હતો કે ૩૧ જાન્યુઆરી ૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના કેટલાક લોકરક્ષકોએ પાંચ વર્ષ ફીકસ પગારમાં નોકરી

● અનુસંધાન પાન-૭ પર



અંદાજપત્ર - ગાંધીનગરમાં પ્રતિવર્ષ યોજાતા અંદાજપત્ર પરનું સમીક્ષા વ્યાખ્યાનને ભારે પ્રતિસાદ મળે છે... ગાંધીનગર રોટરી કલબ આયોજીત અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના સહયોગથી યોજાતા વ્યાખ્યાનમાં ગુજરાતના જાણીતા કરવેરા નિષ્ણાત મુકેશ પટેલનું મનનીય પ્રવચન સાંભળવા નગરજનો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગર જિલ્લામાં ૨૮૨ પોલીસ કર્મચારીઓની ઘટ

**જિલ્લાનાં ચારેય તાલુકામાં સમાવિષ્ટ પોલીસ સ્ટેશનનું મંજુર થયેલુ મહેકમ ૧૩૫૮...!**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લામાં પોલીસ સ્ટેશનો તથા આઉટ પોસ્ટોમાં મંજુર થયેલા મહેકમ અને ઘટ અંગે આજે માણસા બેઠકના ધારાસભ્ય અમિત ચૌધરીએ વિધાનસભામાં પ્રશ્ન કર્યો હતો. ગાંધીનગર જિલ્લા પોલીસનું મંજુર થયેલુ મહેકમ ૧૩૫૮ છે જે પૈકી પીએસઆઈ થી માંડીને કન્સ્ટેબલ સુધીના વિવિધ સંવર્ગની ૨૮૨ની ઘટ છે.

૩૧ ડિસેમ્બરની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દરેક તાલુકામાં સમાવિષ્ટ પોલીસ સ્ટેશનોમાં તથા આઉટ પોસ્ટમાં મંજુર થયેલા મહેકમ અંતર્ગત પુછાયેલા પ્રશ્ન સંદર્ભે સરકારે આપેલા જવાબ મુજબ ગાંધીનગર તાલુકામાં ૭૮૪, કલોલમાં ૩૭૦, દહેગામમાં ૧૩૭ અને માણસામાં ૬૭નું મંજુર થયેલું મહેકમ

● અનુસંધાન પાન-૭ પર

**બે વર્ષમાં ૩૪૬૪ પોલીસની આરોગ્ય ચકાસણી**

રાજય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી અધિકારીઓના આરોગ્યની ચકાસણી તથા ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં પોલીસ અધિકારી-કર્મચારીઓની આરોગ્ય ચકાસણીની સંખ્યા અંગે ગાંધીનગર દક્ષિણ ધારાસભ્ય શંભુજી ઠાકોરે વિધાનસભામાં પ્રશ્ન કર્યો હતો. વર્ષ ૨૦૧૩માં ૧૬૬૮ અને વર્ષ ૨૦૧૪માં ૧૭૮૬ મળીને બે વર્ષમાં જિલ્લાના ૩૪૬૪ પોલીસ અધિકારી-કર્મચારીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી.

**હૃદયના વધામણા**



**શ્રી આશિષકુમાર દવે**

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના અધ્યક્ષ તરીકે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આપની કરેલી પસંદગી માટે હૃદયના વધામણાં.... ગાંધીનગર શહેરના વિકાસ માટેની આપની સતત ચિંતા અને પુરુષાર્થ આપને વધુ પ્રગતિના પંથે લઈ જાય તે જ અભ્યર્થના સહ...

**હાર્દિક અભિનંદન...**

**દેવેન્દ્રસિંહ ચાવડા**

મ્યુનિ. કાઉન્સીલર

વોર્ડ નં.૧,

ગાંધીનગર મહાનગરપાલિકા

# ગાંધીનગરના બાળકો આંખે પાટા બાંધીને પણ સાયકલ ચલાવી શકશે

**બંધ આંખે રંગ ઓળખવા, પુસ્તકો-અખબાર વાંચવા, ચેસ રમવુ અને ચલણી નોટ ઓળખવા જેવા કાર્યો મીડ-બ્રેઈન ટેકનિકથી બાળકો રમતા-રમતા કરી શકે છે : ગાંધીનગરમાં પ્રથમવાર આ ટેકનિકની તાલીમ સંસ્થા પ્રારંભ થઈ**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના ભૂલકાંઓ હવે આંખે પાટા બાંધીને પણ સમાચારપત્ર વાંચી શકશે, દાખલા ગણી શકશે, ચિત્રકામ કરી શકશે અને ચેસ રમી શકશે. અરે એટલુ જ નહિ પરંતુ આંખે પાટા બાંધીને આ બાળકો સાયકલ પણ ચલાવી શકશે. ગાંધીનગરમાં પણ હવે ભારતમાં ઝડપથી પ્રચલિત બની રહેલ મીડ-બ્રેઈન એક્ટીવેશન એન્ડ મેમોરી ટ્રીક્સની તાલીમ આપતી સંસ્થા કાર્યરત બની છે.



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

મીડ-બ્રેઈન એક્ટીવેશન ટેકનિક દ્વારા પાંચ વર્ષથી પંદર વર્ષની આયુ ધરાવતા બાળકોની એકાગ્રતા તેમજ અર્ધજાગૃત મનની શક્તિઓનો વિકાસ કરવામાં આવે છે. આ પદ્ધતિના કારણે વિનીયલ ગ્રંથી જાગૃત કરવામાં આવે છે તેમજ કેટલીક માઈન્ડ એક્સરસાઈઝ કરાવવામાં આવે છે. જેના કારણે બાળકનો મેમોરી પાવર વધી જાય છે. અત્યાર સુધી આ પ્રકારની તાલીમ માત્ર માઈન્ડ પાવર ટ્રેનરો દ્વારા જ અપાતી હતી. હવે પ્રમાણિત તબીબો પણ તેનો ઉપયોગ કરતા થયા છે. આ તાલીમ થકી બાલકની એકાગ્રતા, યાદશક્તિ, સર્જનાત્મકતા અને વાંચન શક્તિનો વિકાસ થાય છે. માત્ર બે જ દિવસની તાલીમમાં બાળકને જીવન પર્યંત આ શક્તિઓના વિકાસનો લાભ મળે છે. તેવા આત્મ વિશ્વાસ અને કાર્યક્ષમતામાં વધારો થાય છે.

મીડ-બ્રેઈન ટેકનિક વડે બાળક સ્પર્શ અને ગંધ દ્વારા ખુલ્લી આંખો જેટલુ જ કાર્ય કરી શકે છે. રંગો

● અનુસંધાન પાન-૭ પર

# મહાત્મા મંદિરના કાર્યક્રમો માટે અલગ તંત્ર ગોઠવવા વિચારણા

**અલાયદુ તંત્ર ઉભુ કરવા અમીત ચૌધરીએ વિધાનસભા ગૃહમાં માંગ કરી : એક જ દિવસમાં ગાંધીનગરના નવ પ્રશ્નો જેમાં ચાર ગૃહ વિભાગના પ્રશ્નો રજુ થયા**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના મહાત્મા મંદિરમાં યોજાતા કાર્યક્રમો કે એક્ઝીબીશનો માટે કાયદો-વ્યવસ્થાનું અલગ તંત્ર ઉભુ કરવાની બાબત પર સરકારનું મન ખુલ્લુ હોવાનો સંકેત આજે રાજ્ય ગૃહમંત્રી શ્રી રજનીકાન્ત પટેલે આપ્યો હતો.

ગાંધીનગર શહેરના મહાત્મા મંદિરમાં યોજાતા સરકારી કાર્યક્રમો કે એક્ઝીબીશનોમાં વ્યવસ્થા જાળવણી માટે પોલીસતંત્રનો અલાયદો ફોર્સ હોવો જોઈએ તેવી સ્પષ્ટ માંગ કોંગ્રેસના ધારાસભ્યશ્રી અમીત ચૌધરીએ આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં કરી હતી.

વિધાનસભા ગૃહમાં આજે પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન ગૃહ વિભાગની પ્રશ્નોત્તરી હતી એટલે ઉત્તેજનાઓ સ્વાભાવિક હતી. ગાંધીનગર જિલ્લામાં પોલીસ અને આઉટ પોલીસ સ્ટેશનોના મંજૂર મહેકમ અંગે કોંગ્રેસના શ્રી અમીત ચૌધરીનો પ્રશ્ન ચર્ચામાં આવ્યો હતો.

તેરમી વિધાનસભાના આ છઠ્ઠા સત્રમાં આજે ગાંધીનગરના નવ જેટલા પ્રશ્નો રજુ થયા હતા જેમાં ચાર પ્રશ્નો ગૃહ વિભાગને લગતા હતા જે એક સૌથી નોંધનીય ઘટના છે.

મહાત્મા મંદિર અને વી.આઈ.પી. બંદોબસ્ત માટે અલાયદુ તંત્ર ઉભુ કરવાની શ્રી અમીત ચૌધરીની માંગણીને રાજ્ય ગૃહ મંત્રી શ્રી રજની પટેલે સભ્યનું સૂચન હોવાનું જણાવી ચર્ચાને ટાળવાનો પ્રયાસ કરી જણાવ્યું હતું કે જ્યારે પણ આ બાબત વિચારણામાં લેવાશે ત્યારે આ સૂચનને સકારાત્મકથી લેવામાં આવશે.

વાયબ્રન્ટ કે એક્ઝીબીશનને પગલે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર કોઈ વિપરીત અસર પડી હોય તેવુ બન્યુ નથી. આવી મહત્વની ઈવેન્ટો વેળાએ જિલ્લા પોલીસ ઉપરાંત અન્ય જિલ્લાઓમાંથી પણ પોલીસ બોલાવવામાં આવે જ છે.

● અનુસંધાન પાન-૭ પર

**ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડ**

દુકાન નં. સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર

ટેલીફોન : (૦૭૯) ૨૩૨૨૦૫૨૫, ૨૩૨૩૬૧૨૨

**તૂટેલા ક્રેટ વેચવાના છે**

દૂધ વિતરણના તૂટેલાં ક્રેટ, અંદાજીત - ૨૦૦૦

(કલર - લાલ, ૧ ક્રેટનું વજન-૧૨૦૦ ગ્રામ)

ભાવપત્રક તા. ૯-૩-૨૦૧૫ સુધી સ્વિકારવામાં આવશે

**અભિનંદન**



**પરેશભાઈ રણછોડભાઈ પટેલ**

ડિરેક્ટર, કૃષક ભારતી કો.ઓપ.લિ. (કૃભકો) ન્યુ દિલ્હી

રાષ્ટ્રીય સહકારી સંસ્થા કૃષક ભારતી કો.ઓપ. લિ. (કૃભકો) ન્યુ દિલ્હીના ડિરેક્ટર પદે આપને સતત બીજી ટર્મ માટે ભારતના ૯ રાજ્યમાંથી બિનહરિફ ચૂંટાવા આપને ખૂબ ખૂબ અભિનંદન... ઉત્તરોત્તર સહકારી ક્ષેત્રે પ્રગતિ કરો એવી શુભકામનાઓ...

શુભેચ્છક

ધી ધણપ સેવા સહકારી મંડળી લિ.

યુવરાજસિંહ જશુભા રાણા

ચેરમેન, ધી ધણપ સેવા સહકારી મંડળી, ધણપ

KENDRIYA VIDYALAYA NO.3.
GANDHINAGAR CANTT
CHILODA ROAD, ARMY CANTT, GANDHINAGAR- 382042
Phone: 079 - 23200266

**WALK IN INTERVIEW**

Wanted Yoga teacher in KVNo.3 Gandhinagar Cantt Chiloda Road, Gandhinagar on contractual basis for the academic session 2015-16 w.e.f 1st april 2015.

Essential qualification :
(1) Graduation in any subject or equivalent from recognised university
(2) One year training in yoga from a recognised institution

Candidates willing to appear before the Interview Board may appear the Board in vidyalaya campus on 12.03.2015 at 8.00 a.m. on ward(Bring original testimonials with a set of self attested photocopies along with passport size photograph).You are advised to download the application form from Vidyalaya website For further details visit Vidyalaya website.

Principal

web site:- www.kvgandhinagarcantt.org.in

**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

ફોન : ૨૩૨૩૭૫૭૧

ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com